# અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકોની ભરતી માટેની પસંદગી સમિતિ,

## કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેકટર- ૧૦/એ, ગાંધીનગર

---

**(કમિશનર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર હસ્તકની અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટેના મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) ગુજરાતી માધ્યમ ની ફિકસ પગારથી કરાર અધારીત ભરતી અંગેની જાહેરાત અન્વયે સુચનાઓ)**

ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ) ના તા.૨૧/૧૦/૨૦૦૦ ના ઠરાવ ક્રમાંકઃનશઅ/૧૫૯૪/૧૧૬૭/૨૦૦૦/ગ તથા આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૮/૦૮/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી, તા.૧૫/૦૬/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી તથા તા.૩૦/૦૭/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/ ૨૦૨૦૧૪/૧૧૬/જી અન્વયે કમિશ્નર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર હસ્તકની અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટેના કુલ-૬૬ (છાસઠ) મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) ગુજરાતી માધ્યમની ફિકસ પગારથી કરાર અધારીત ભરતી અંગેની જાહેરાત વર્ષ-૨૦૧૮ અન્વયે મદદનીશ શિક્ષકની જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમુનામાં ઓનલાઇન અરજીઓ માંગવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી અરજી **તા. ૩૦/૧૦/૨૦૧૮ થી તા. ૧૮/૧૧/૨૦૧૮** સુધી વેબસાઇટ http://ctdrecruitment.orpgujarat.com ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ **તા. ૧૮/૧૧/૨૦૧૮ ના રોજ ૧૭.૦૦ કલાક** સુધી ઓનલાઇન કરવાની રહેશે.

1) <u>શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાતઃ-</u>

i. આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટેના મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ વિષયો માટે TAT પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે ઉર્તિણ થયેલ ઉમેદવારો જ આ અરજી કરી શકશે.

ii. અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટેના મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) ની નિમણુંક માટેની ન્યુનત્તમ લાયકાત. આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૮/૦૮/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંકઃ એમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી ના ફકરા નં.૩(બી)(૧)અને(૨)ની જોગવાઇઓ અનુસારની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઇશે.

iii. ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૩૦/૦૭/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી ના ફકરા નં.૨(i) માં નિયત થયેલ મુજબની વયમર્યાદા રહેશે.

અરજી કરનાર ઉમેદવાર જાહેરાતની તારીખના રોજ ઉપર મુજબની વય મર્યાદામાં હોવો જોઇએ.

iv. આદિજાતિ વિકાસ વિભાગના તા.૮/૦૮/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/ ૧૧૬/જી માં થયેલ જોગવાઇ મુજબ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-

૧૯૯૭માં ઠરાવ્યા પ્રમાણે **કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી** ધરાવતા હોવા જોઇશે. તેમજ આ અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦-ગ.૫ થી નિયત થયેલ જોગવાઇઓ મુજબ રહેશે.

v. આદિજાતિ વિકાસ વિભાગના તા.૮/૦૮/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી ના ફકરા નં.(૪) માં જણાવ્યા મુજબ અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓના ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટેના મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) માટે શૈક્ષણિક લાયકાત તથા મહત્તમ ૩૦ ગુણની ગણતરી નીચે મુજબ રહેશે.

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | ૧૦ |
| ૨ | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી | ૧૦ |
| ૩ | વ્યાવસાયિક વિષયમાં બી.એડ ની પદવી | ૦૫ |
| ૪ | વ્યાવસાયિક વિષયમાં એમ.એડની પદવી | ૦૫ |
| | કુલ | ૩૦ |

કેટલીક યુનિવર્સીટીઓ દ્વારા માર્કશીટમાં ગુણાંકનના ટકાને બદલે ગ્રેડેશન આપવામાં આવે છે. તેવા કિસ્સામાં ઉમેદવાર દ્વારા ઓનલાઇન અરજી ફોર્મમાં ગણતરી કરીને ટકા દર્શાવવા તેમજ ગ્રેડેશનની વિગત નિયત કોલમમાં દર્શાવવી. ઉમેદવાર ગ્રેડેશનના અર્થઘટનથી વિસંગત ટકાવારી દર્શાવે તો તેઓની પસંદગી અને નિમણૂંકના અધિકાર આપોઆપ રદ ગણાશે.

વ્યાવસાયિક વિષયની પદવી અંગે જે વિષયની ભરતી કરવાની છે તે જ મુખ્ય વિષયમાં બી.એડ ની પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારે જ અરજી કરી શકશે.

vi. આદિજાતિ વિકાસ વિભાગના તા.૮/૦૮/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી તથા તા.૧૫/૦૬/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી ની જોગવાઇઓ અનુસાર ઉમેદવારના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર મુજબ મેળવેલ ગુણના ૩૦ ટકા ભારાંક અને શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં મેળવેલ ગુણના ૭૦ ટકા ભારાંકને આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

vii. આદિજાતિ વિકાસ વિભાગના તા.૩૦/૦૭/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી મુજબ ઉમેદવારએ શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં મેળવેલા ગુણ પરિણામની તારીખથી પાંચ વર્ષની મુદત માટે માન્ય ગણાશે, શિક્ષક અભિરૂચિ કસોટી (TAT)માં કોઇ વ્યક્તિ એક કરતા વધારે પ્રયત્નો માટે ઉમેદવારી નોંધાવી શકશે પરંતુ મદદનીશ શિક્ષક વર્ગ ૩ (ઉચ્ચતર મધ્યમિક વિભાગ) ની પસંદગી યાદી તૈયાર કરવાના હેતુ માટે ઉમેદવારે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ (TAT) ના ગુણ જ ધ્યાને લેવામાં આવશે.

viii. જો કોઇ ઉમેદવારે બે વખત TAT ની પરીક્ષા આપી હોય અને તે અંગેની માહિતી છુપાવશે, કે ખોટી માહિતી આપશે તો તેવા ઉમેદવારને ભરતી અને સેવાના કોઇપણ તબકકે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વીકારવામાં આવશે નહી.

2) <u>પગાર ધોરણઃ-</u>

i. અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ફિકસ પગારથી કરાર આધારીત ભરતીથી નિમણૂંક મેળવનાર મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચ. માધ્યમિક વિભાગ) ને પ્રથમ પાંચ વર્ષ સુધી ફીકસ રૂ.૩૮,૦૯૦/- માસિક વેતન મળવાપાત્ર થશે.

ii. પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચ. માધ્યમિક વિભાગ) ની જગ્યા માટેનું પગાર ધોરણ રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦ અથવા સરકાર દ્વારા જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

iii. આ ભરતી નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસ.એલ.પી.નં.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ તથા અન્ય પડતર કોર્ટ દાવાઓના આખરી ચુકાદાને આધીન રહેશે.

3) <u>ભરવાપાત્ર જગ્યાઓઃ-</u>

i. વિષયવાર અને કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો જાહેરાતમાં દર્શાવ્યા મુજબ રહેશે. તેમછતાં જે તે આદર્શ નિવાસી શાળામાં વિષયવાર ભરવાની થતી ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

4) <u>વયમર્યાદામાં છુટછાટઃ-</u>

i. મુળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

ii. વિકલાંગ ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃપરચ/ ૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.ર થી નિયત થયેલ સુપ્રિટેન્ડેન્ટ/સીવીલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ (દસ) વર્ષની છુટછાટ મળશે.

iii. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ૦૫ (પાંચ) વર્ષની ઉપલી વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

iv. વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં મહિલા અનામતના નિયમો અનુચ્છેદ-૩૦૯ હેઠળ ઘડાયેલ છે. આથી વિધવા મહિલા કે સામાન્ય મહિલાના કિસ્સામાં સરકારશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ જોગવાઇ મુજબ અનામત વયમર્યાદાની છુટછાટ કે લાભો મળવાપાત્ર રહેશે.

v. માજી સૈનિક ઉમેદવારોએ જેઓએ જળ, વાયુ અને ભૂમિ આમર્ડફોર્સીસમાં ઓછામાં ઓછા ૦૬ (છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૦૩ (ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.

vi. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-"ક" ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે. તેમજ પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

અરજી સાથે પરિશિષ્ટ-ક ને બદલે Annexure-A (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

આ પ્રમાણપત્ર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૦૬/૨૦૧૫ ના ઠરાવથી નિયત થયેલ જોગવાઇઓ અનુસાર ઉમેદવારના માતા-પિતાની અગાઉના ત્રણ વર્ષોની વર્ષવાર આવકને ધ્યાને લઇ તા.૦૧/૦૪/૨૦૧૬ કે ત્યારબાદ મેળવેલું હોવું જોઇએ.
જો ઉમેદવારોએ આ પ્રમાણપત્ર રજુ કરેલ નહી હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને અનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહી.

vii. તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં છુટછાટ સાથે કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ (પિસ્તાલીસ) વર્ષથી વધવી જોઇશે નહી.

5) *અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સુચનાઓ:-*

1. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. ઉમેદવારોએ ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહી કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહી.
2. TAT પરીક્ષાનો તમારો સીટ નંબર ENTER કરો જેથી તમારૂં RESULT ખુલશે. પછી CONTINUE કલીક કરતાં અરજીપત્રક ખુલશે.
3. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહી. જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.
4. આ અંગેનું ઓનલાઇન અરજીપત્રક વેબસાઇટ www.ctdrecruitment.orpgujarat.com ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે.
5. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરવાની રહેશે.
6. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.
7. ઓનલાઇન અરજીપત્રક **તા. ૩૦/૧૦/૨૦૧૮ થી સવારે ૧૧.૦૦ કલાકથી તા. ૧૮/૧૧/૨૦૧૮ ના રોજ ૧૭.૦૦ કલાક** સુધી ભરી શકાશે.
8. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.
9. આ જાહેરાતનો હેતુ આદિજાતિ વિકાસ વિભાગના તા.૮/૦૮/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/ ૨૦૨૦૧૪/૧૧૬/જી, તા.૧૫/૦૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/ ૨૦૨૦૧૪/૧૧૬/જી તથા તા.૩૦/૦૭/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી ની જોગવાઇઓ અનુસાર હાલ પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. મેરીટના આધારે ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

10. અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટેના મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચતર માધ્યમિક વિભાગ) ની કરાર આધારીત ફિકસ પગારે ભરતી સંબંધે તમામ સુચનાઓ/ વિગતો વખતો વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

11. આ અંગે કોઇપણ મુંઝવણ હોય તો અત્રેની કચેરીના મદદનીશ કમિશનરશ્રી (વહીવટ) અથવા નજીકની જિલ્લા મદદનીશ કમિશનરશ્રી (તકેદારી અધિકારીશ્રી) આદિજાતિ વિકાસની કચેરીનો સંપર્ક કરી શકશો.

12. ઉમેદવારે મેળવેલ લાયકાત સંબંધી પ્રયત્નો અંગેના તમામ દાખલા તેમજ આધારો રૂબરૂ મુલાકાત વખતે તેમજ હાજર થતાં સમયે અવશ્ય રજુ કરવાના રહેશે.

13. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) નું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રૂબરૂ મુલાકાત વખતે તેમજ નિમણુંક થતા સમયે રજુ કરવાનું રહેશે. જેમાં કોઇપણ સંજોગોમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

14. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/કચેરી/સંબંધિત આદર્શ નિવાસી શાળા દ્વારા માંગવામાં આવે ત્યારે  અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

15. કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.

16. જે ઉમેદવાર રાજય બહારની યુનિર્વસીટીના લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને નિમણુંક આપતા પહેલા સક્ષમ અધિકારીશ્રીએ નિયમોનુસાર અસલ પ્રમાણપત્રોની ખરાઇ કર્યા પછી જ નિમણુંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે. અને નિમણૂંક મૂળ અસરથી રદ થશે.

17. જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. સરકારી આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચ. માધ્યમિક વિભાગ) અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત/ અનુભવ અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબકકે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વીકારવામાં આવશે નહી.

18. સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. અને કોઇપણ સંજોગોના કારણે કોઇપણ સંજોગોમાં ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી કે ભુલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. જો માહિતી ખોટી, અધુરી, ભુલ ભરેલી હશે તો અરજી રદ થયેલ ગણાશે.

19. અરજદારે પોતાનું ઇ-મેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબર ફરજીયાત આપવાના રહેશે અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને એસ.એમ.એસ. થી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે જાતે એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.

20. અરજીપત્રક ભરવા અંગેની ખોટી, અધુરી કે ભુલભરેલી માહિતી બાબતે સુચનાઓ ઉમેદવારે વાંચેલ છે. સુચનાઓ ઉમેદવાર સમજે છે અને ઉમેદવારને બંધનકર્તા છે.

21. અરજદારોએ ભરેલ ફોર્મની પ્રિન્ટેડ નકલ મેળવી લઇ સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ અરજી ફોર્મ ઓનલાઇન (ON LINE) સબમીટ (SUBMIT) કરવાનું રહેશે.

22. અરજદારે જે ફોર્મ ભરેલ છે તેના દરેક પાના ઉપર સહી કરી અને સુચના મળે ત્યારે રજુ કરવાનું રહેશે.

23. આ સમગ્ર ભરતી પ્રક્રિયા આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૮/૦૮/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંકઃએમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી, તા.૧૫/૦૬/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંકઃ એમકેએમ/૨૦૨૦૧૪/૧૧૬/જી તથા તા.૩૦/૦૭/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંકઃ એમકેએમ/ ૨૦૨૦૧૪/૧૧૬/જી ની જોગવાઇઓને આધીન રહેશે અને આ બાબતે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ) ના તા.૨૧/૧૦/૨૦૦૦ના ઠરાવ ક્રમાંકઃનશઅ/૧૫૯૪/૧૧૬૭/૨૦૦૦/ગ થી નકકી થયેલ પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**સભ્ય સચિવ**
**અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળાઓમાં**
**મદદનીશ શિક્ષકોની ભરતી માટેની પસંદગી સમિતિ**
**અને નાયબ કમિશનર, આદિજાતિ વિકાસ,**
**ગુજરાત રાજય, ગાંધીનગર**